# પંચોપચાર અને ષોડશોપચાર પૂજન પાછળનું શાસ્ત્ર

**(Science underlying worship with five and sixteen substances - Gujarati )**

---

# ગ્રંથનું મનોગત

હિંદુ ધર્મમાં સગુણ ઉપાસના પદ્ધતિનો પાયો એટલે 'દેવપૂજા'. 'પ્રતિદિનની દોડધામની દિનચર્યામાં દેવપૂજા માટે એટલો સમય છે કોને ?', એવી નકારાત્મક માનસિકતા હાલમાં ઘણાખરાં લોકોમાં જોવા મળે છે. કેવળ એક નિત્યકર્મ પાર પાડવાનું એટલા માટે ભગવાન પર ઉતાવળે પાણી રેડીને ચંદનનું તિલક કરવું અને ગમે તે ફૂલ ચડાવીને ઉદબત્તીથી ઓવાળવું અને પછી 'દેવપૂજા થઈ ગઈ', એવું માની લેવું, એવું ચિત્ર આજે જોવા મળે છે. સહુકોઈના પાલનપોષણની કાળજી કરનારા ભગવાનની પૂજા આ પ્રકારે 'આટોપી લેવી', શું એને દેવપૂજા કહી શકાય ખરી ? આવું કરવાથી ભગવાને પણ આપણા પર કૃપા શા માટે કરવી જોઈએ ? ઘરે આવનારા અતિથિનું સ્વાગત જે રીતે આપણે આદરપૂર્વક કરીએ છીએ, તેવી રીતે જ જો ભગવાનનું કરીએ, એટલે જ કે દેવતાની જો યથાસાંગ પૂજા કરીએ, તો જ તેઓ આપણા પર પ્રસન્ન થઈને આપણને પુષ્કળ આશીર્વાદ આપે છે. એટલા માટે જ ધર્મશાસ્ત્રમાં ભગવાનનું આવાહન કરવું, તેમને બેસવા માટે આસન આપવું, તેમના ચરણ પખાળવા માટે પાણી આપવા જેવા ક્રમવાર સોળ ઉપચાર શીખવીને તે માધ્યમ દ્વારા વિધિવત ભાવપૂર્ણ ધર્માચરણ કરવા માટે શીખવ્યું છે. ૧૬ ઉપચારોમાંથી આગળ જણાવેલા ઉપચાર - ૯. ચંદન લગાડવું, ૧૦. ફૂલ ચડાવવા, ૧૧. ધૂપ કરવો, ૧૨. દીપ ઓવાળવો અને ૧૩. નૈવેદ ધરાવવો, આ પાંચ ઉપચારોને 'પંચોપચાર' એમ કહે છે. જો સોળ ઉપચારો દ્વારા પૂજા કરવાનું ન બને તો પાંચ ઉપચારોથી દેવપૂજા કરીએ તો પણ ચાલે. ઘણાં લોકોને ષોડશોપચારે પૂજા કરવાનું શક્ય થતું ન હોવાથી તેમને પંચોપચાર પૂજાની માહિતી જોવાનું સહેલું પડે, તે માટે આ ગ્રંથમાં પહેલા પંચોપચાર અને પછી ષોડશોપચાર પૂજનની માહિતી આપી છે.

આપણા ત્રિકાળદર્શી ઋષિમુનિઓએ ધર્મશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે જો દેવપૂજા કરવામાં આવે તો જ તેમની સંકલ્પશક્તિનો આપણને લાભ મળે છે. દેવપૂજા ધર્મશાસ્ત્ર અનુસાર કરતી વેળાએ જ તે ભક્તિભાવ સાથે કરવી એ પણ તેટલું જ મહત્ત્વનું હોય છે. દેવપૂજા કરતી વેળાએ તેમાં ભગવાન પ્રત્યેના પ્રેમની, ભાવની ભીનાશ ન હોય, તો તે પૂજા ભગવાન સુધી પહોંચતી નથી; કારણ કે ભગવાન તો ભાવનો ભૂખ્યો છે. સર્વ સામાન્ય ભક્તોમાં ભાવ અચાનક નિર્માણ થવો મુશ્કેલ હોય છે; પણ દેવપૂજાની વિવિધ કૃતિઓ પાછળનું શાસ્ત્ર સમજી લેવામાં આવે તો દેવપૂજા વિશે, બીજા શબ્દોમાં દેવી-દેવતાઓ વિશે શ્રદ્ધા નિર્માણ થઈને તેનું ભાવમાં રૂપાંતર થવામાં સહાયતા થાય છે. તેથી આ ગ્રંથમાં મુખ્યત્વે દેવપૂજામાં રહેલી કૃતિઓ પાછળનું અધ્યાત્મશાસ્ત્ર કહેવા પર ભાર મૂકેલો છે.

દેવતાનું આવાહન કરતી વેળાએ મૂર્તિ પર અક્ષત અથવા તુલસીદળ શા માટે ચઢાવવા જોઈએ, અર્ઘ્ય આપતી વેળાએ પાણી સાથે ચંદન, પુષ્પ અને અક્ષત શા માટે ચઢાવાય છે, દેવતાને અભિષેક કરતી વેળાએ સુગંધી દ્રવ્યોનો ઉપયોગ શા માટે કરવો, દેવતાને પ્રથમ ચંદન-તિલક કર્યા પછી હળદર-કંકુ શા માટે ચડાવવાં, દેવતાને નૈવેદ્ય ધરાવતી વેળાએ નૈવેદ્યનો થાળ કેવી રીતે મૂકવો જોઈએ ઇત્યાદિ અનેક પ્રશ્નોના બુદ્ધિની પેલેપારના શાસ્ત્રીય ઉત્તરો આ ગ્રંથમાં આપવામાં આવ્યા છે. તેની સાથે જ કયા દેવતાને કયા ફૂલ ચઢાવવા, દેવતાને ફૂલો ચઢાવતી વેળાએ તે વિશિષ્ટ સંખ્યામાં અને રચના પ્રમાણે ચઢાવવા પાછળનું શાસ્ત્ર શું છે, દેવતાને કેટલી ઉદબત્તીથી ઓવાળવા જોઈએ, ઇત્યાદિ

નાવીન્યપૂર્ણ જ્ઞાનનો પણ આ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવ્યો છે.
ધાર્મિક વિધિમાં રહેલી આટલી શાસ્ત્રશુદ્ધ ગહનતા હિંદુ ધર્મ સિવાય અન્ય કોઈપણ પંથમાં નથી. આના પરથી જ હિંદુ ધર્મનું નિર્વિવાદ રહેલું શ્રેષ્ઠત્વ ધ્યાનમાં આવે છે.

ગ્રંથમાં આપેલું શાસ્ત્ર સમજી લઈને તે અનુસાર સહુકોઈ દ્વારા દેવપૂજા ભાવપૂર્ણ રીતે થવા પામે અને તે દ્વારા તેમને અધિકાધિક ઈશ્વરનો કૃપાપ્રસાદ મળે, એ જ શ્રી ગુરુચરણોમાં પ્રાર્થના. - સંકલક

---

# અનુક્રમણિકા

(કેટલાંક વિશિષ્ટતાપૂર્ણ સૂત્રો '*' ચિહ્નથી દર્શાવ્યાં છે.)


**પ્રકરણ ૧ : દેવપૂજાની સર્વસામાન્ય માહિતી** ૧૩
૧. વ્યાખ્યા ૧૩
૨. નિર્મિતિ ૧૩
૩. મહત્ત્વ ૧૪
૪. પ્રકાર ૧૫
૫. કેટલાંક દેવતાઓના પૂજનની વિશિષ્ટતાઓ અને તેની પાછળનાં કારણો ૧૫
૬. દેવપૂજા દિવસ દરમ્યાન કેટલી વાર અને કયા સમયે કરવી ? ૧૭
૭. દેવપૂજા ક્યારે ન કરવી ? ૧૯
૮. દેવપૂજા કઈ દિશામાં કરવી ? ૨૦
૯. દેવપૂજા કોણે કરવી ? ૨૦
૧૦. દેવપૂજા કરતી વેળાએ ભાવ કેવો હોવો જોઇએ ? ૨૨
૧૧. દેવપૂજાની કૃતિનું શાસ્ત્ર શા માટે સમજી લેવું ? ૨૩
**પ્રકરણ ૨ : પંચોપચાર પૂજન - કૃતિ અને શાસ્ત્ર** ૨૪
૧. પંચોપચાર પૂજનની કૃતિ ૨૪
૨. પંચોપચાર પૂજનમાં રહેલી કૃતિઓ પાછળનું શાસ્ત્ર ૩૧
૩. પંચોપચારોનું તુલનાત્મક મહત્ત્વ અને તેનાં પરિણામ ૬૯
૪. દેવપૂજામાં ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય આ પાંચ ઉપચાર હોવા છતાં અક્ષત પણ શા માટે ચઢાવાય છે ? ૬૯
**પ્રકરણ ૩ : ષોડશોપચાર પૂજન - કૃતિ અને શાસ્ત્ર** ૭૧
૧. ષોડશોપચાર પૂજનની કૃતિ ૭૧
૨. ષોડશોપચાર પૂજનમાં રહેલી કૃતિઓ પાછળનું શાસ્ત્ર ૭૭
૩. ષોડશોપચાર અને પંચોપચાર પૂજન ૮૬
૪. ષોડશોપચાર પૂજામાં રહેલા સોળ ઉપચારોનું તુલનાત્મક મહત્ત્વ, પરિણામ અને વિશિષ્ટતાઓ ૮૮
**પ્રકરણ ૪ : દેવપૂજા થઈ ગયા પછી કરવાની કૃતિઓ અને તેની પાછળનું શાસ્ત્ર** ૯૧
૧. દેવપૂજા થઈ ગયા પછી કરવાની કૃતિઓ પાછળનું શાસ્ત્ર ૯૧

**પ્રકરણ ૫ : અન્ય માહિતી** **૯૮**
૧. પૂજાઘરમાં નાના લોટામાં પાણી ભરીને તે બીજા દિવસે પીવું,
આ તત્ત્વતઃ યોગ્ય હોવા છતાં તે કળિયુગ માટે અયોગ્ય હોવું ૯૮
૨. માનસપૂજા ૯૮
૩. દેવપૂજાની મર્યાદા અને ઝડપી ઈશ્વરપ્રાપ્તિ માટે આગળના
તબક્કાની સાધના આવશ્યક ૧૦૦
૪. દેવતાનું વિડંબન રોકવું, એ કાળ અનુસાર આવશ્યક એવી દેવતાની ઉપાસના ! ૧૦૧